# 12. ચોપડાની ઇન્દ્રજાળ

## સ્વાધ્યાય

1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(✓)ની નિશાની કરો:

1) લેખકને પોતાની જાત ઉપર તિરસ્કાર આવ્યો, કારણ કે...

(A) લેખક પોતાના ઘરેથી ખાવાનું લઈને ગયા હતા.

(B) પિતાજીનું અવસાન થયું હતું.

(C) જીવલાના છોકરાનો મોંનો કોળિયો પોતે ઝૂંટવ્યો હોય તેવું લેખકને લાગ્યું.

(D) લેખક ખૂબ જ ભણેલા હતા.

2) જીવલાની કરુણ દશા જોઈને...

(A) લેખક રાજી થઈ ગયા.

(B) લેખકનું હૃદય દ્રવી ઊઠ્યું.

(C) લેખકને કશી અસર ન થઈ.

(D) લેખક હસવા લાગ્યા.

2. નીચેના પ્રશ્નોનો એક વાક્યમાં ઉત્તર આપો:

1) ઉજ્જડ જમીનમાં જે ધાન પાકતું તેમાં નીચેનામાંથી કોનો ભાગ રહેતો નહિ?

- ઉજ્જડ જમીનમાં જે ધાન પાકતું તેમાં સરપંચોનો ભાગ રહેતો નહિ.

2) ગરીબોનું શોષણ કરનાર ચોપડાનો રંગ કેવો હતો ?

- ગરીબોનું શોષણ કરનાર ચોપડાનો રંગ લાલ (રાતો) હતો.

### 3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો:

#### 1) લેણદાર અને દેણદારના આવકારમાં રહેલો વિરોધાભાસ જણાવો.

- લેણદારને ત્યાં ગરીબ દેણદાર જીવલો જાય તો એ પોતાની સાથે પછેડીમાં બાંધી લાવેલ નાગલીનો રોટલો ઓટલે બેસીને ઓશિયાળાની જેમ ખાય. લેખકનાં બા તેને અથાણું અને થોડી દાળ આપે; પરંતુ લેણદારનો દીકરો ઉઘરાણીએ જાય ત્યારે દેણદાર જીવલાને ઘેર એને શીરો જમવાનો હક. લેણદાર અને દેણદારના આવકારમાં રહેલો આ વિરોધાભાસ લેખકે પોતાના સ્વાનુભવથી જણાવ્યો છે.

#### 2) દર વર્ષે જીવલો લેખકના ઘરે કઈ કઈ વસ્તુઓ આપવા જતો?

- દર વર્ષે જીવલો લેખકના ઘરે અનાજ, કઠોળ, કેરી, શેરડી, શાકભાજી, ઘાસ, લાકડાં, ગોળ જેવી વસ્તુઓ આપવા જતો.

### 4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો:

#### 1) જીવલાનું પાત્રાલેખન તમારા શબ્દોમાં કરો.

- જીવલાએ ખેતર વેચાતું લેવા લેખકના પિતા પાસેથી ત્રણસો રૂપિયા વ્યાજે લીધેલા. વ્યાજનું વ્યાજ ચઢીને તેની પાસેથી 1500 રૂપિયા લેણા નીકળતા હતા. અભણ જીવલો ચોપડાની ઇન્દ્રજાળ સમજતો નહોતો. તેને વિશ્વાસ હતો કે શાહુકારનો ચોપડો જૂઠું થોડું વાંચે? તે પ્રમાણિક હતો અને દાનતનો પણ શુદ્ધ હતો. ગમે તેવાં માઠાં વર્ષ ગયાં હોય અને પાક સારો ઊતર્યો ન હોય તોપણ શાહુકારના છોકરાને આપદા ન પડવી જોઈએ, એટલે જેટલા પૈસા મળે તેટલા ચૂકવતો. ઉપરાંત દર વર્ષે લાકડાં, ડાંગર, કઠોળ, ગોળ, કેરી, શાકભાજી, બોર, જાંબુ, શેરડી વગેરે શાહુકારને ત્યાં જઈ આપી આવતો. જીવલો આર્થિક દૃષ્ટિએ તદ્દન નિર્બળ થઈ ગયો હતો. એમાં તેની પત્નીના મૃત્યુ પછી તેનું બારમું કરવા બીજા શાહુકાર પાસેથી કરજ લીધેલું. લેખક તેને ત્યાં ઉઘરાણું કરવા જતા તો તેને ઋતુઋતુનાં ફળ, ચણાનો ઓળો, શેરડી, બોર, કેરી વગેરે ખાવા આપતો અને સાથે ઘરે લઈ જવા પણ બાંધી આપતો. લેખક ભાતું લીધા વિના આવ્યા હોય, તો તેમને ભાવતો શીરો જમાડતો, ભૂખ્યા જવા ન દેતો. ગરીબાઈ એટલી કે લેખકને વાલોળ અને રીંગણ બાંધી આપવા માટે તેની પાસે એકાદ થેલી પણ ન હતી. જુવાનીમાં પણ જીવલો તદ્દન કૃશ થઈ ગયો હતો. તેના પુત્રની અર્ધનગ્ન દશા દરિદ્રતાને શરમાવે તેવી હતી. જીવલો શાહુકારનો જનમોજનમનો ઋણી હતો. લેણદારના પૈસા દૂધે ધોઈને આપવા માટે જીવલો રાતદિવસ કાળી મજૂરી કરતો તોપણ તેનાં છોકરાં ભૂખે મરતાં. જીવલાની શુદ્ધ દાનત, પ્રામાણિકતા અને તેના કુટુંબની અત્યંત કરુણ દશા જોઈને લેખકે તેને ચોપડાની ઇન્દ્રજાળમાંથી મુક્ત કર્યો.

## 2) રાતો ચોપડો ફાડી નાખવા પાછળ લેખકનું મનોમંથન કેવું હતું?

- જીવલાને ત્યાંથી પાછા ફરતાં લેખકે તેની પાસે એકાદ થેલી માગી ત્યારે જીવલાએ કહ્યું, 'બોડીને તાં વળી કાંહકી કેવી ?' આ શબ્દો સાંભળીને લેખકને તે રાતે મોડે સુધી ઊંઘ ન આવી. એક બાજુ જીવલાનો પ્રેમ અને બીજી બાજુ તેની કારમી ગરીબાઈ યાદ આવ્યાં. તેમના મનમાં મનોમંથન ચાલ્યું. તેઓ જ શોષણખોર છે અને બોડી જેવી દુર્દશા કરનાર પણ પોતે જ છે એવું તેમને લાગ્યું. જીવલાને ત્યાં તેઓ શીરો જમતા હતા ત્યારે તેના નાગડા અને ભૂખને લીધે પેટમાં ખાડા પડી ગયેલા નાના દીકરા લેખકની સામે ટીકીટીકીને જોતા હતા એ દૃશ્ય નજર ખડું થયું. ભણવાગણવાની ને રમવાની ઉંમરે આ લોકો કાળી મજૂરી કરે અને પોતે શાહુકાર તેને ત્યાં બેઠો બેઠો શીરો ખાય. આ ગરીબ જીવલાનાં છોકરાનાં મોંમાંથી કોળિયો પોતે ઝૂંટવ્યો હોય એવું લેખકને લાગ્યું. આટલું ઓછું હોય તેમ બે થેલી ભરીને શાકભાજી લઈ આવ્યા. લેખકને પોતાની જાત ઉપર તિરસ્કાર આવ્યો. અંતે તેમણે જીવલા પાસેથી જાણી લીધું કે તેણે ખરેખર રૂપિયા 300નું કરજ લીધેલું. આટલા વર્ષે વ્યાજનું વ્યાજ ચડીને રૂપિયા 1500 લેણા નીકળતા હતા. ખેતીનાં વર્ષો એક પછી એક ખરાબ આવતા હોવાથી જીવલો લેણદારને રોકડ કશું ના આપી શકતો, પરંતુ દર વર્ષે લેખકના ઘરે અનાજ, કઠોળ, શાકભાજી, ઘાસ, લાકડાં, ગોળ જેવી વસ્તુઓ આપી જતો. પણ ચોપડે તો રોકડા રૂપિયા સિવાય કશું જમા ન થતું. "શાહુકારનો ચોપડો જૂઠું થોડું વાંચે?" એવો વિશ્વાસ ધરાવનાર પ્રમાણિક જીવલો દૂધે ધોઈને ઋણ ચૂકવવા માંગતો હતો. મુદ્દલ કરતાં તો ઘણુંય વધારે આપી ચૂક્યો હતો. આ મનોમંથનના અંતે જીવલાની કરુણ દશાથી દ્રવિત થયેલા લેખકે એ રાતા ચોપડાનાં બધાં પાનાં ફાડી નાખી તેને લેણાંમાંથી મુક્ત કર્યો.